[93] No. of printed pages: 03

**SARDAR PATEL UNIVERSITY**
**B A (III Semester) Examination**
**2013**
**Tuesday, 19th November**
**2.30 pm - 5.30 pm**
**UA03IALG03 - Analytical Literature Gujarati - I**

કુલ ગુણ : ૭૦

**સૂચના :** જમણી બાજુનાં આંકડા ગુણ દર્શાવે છે.

પ્ર.૧ નીચેનામાંથી **કોઇપણ બેના** અર્થ વિસ્તાર કરો. (૨૦)

૧) બેસે છે ભાગ્ય બેઠાનું, ઊભું ઊભા રહેલનું,
સૂતેલાનું રહે સૂતું, ચાલે ભાગ્ય ચલન્તનું

૨) જગની સૌ કડીઓમાં
સ્નેહની સર્વથી વડી

૩) સાહિત્ય એ જીવનનું પ્રતીક છે.

૪) મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો અરધું જગત શાંત થઇ જાય.

પ્ર.૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૧૫)

કવિનું કાર્ય રસિક કૃતિઓ અને મૂર્તિઓ ઉત્પન્ન કરવાનું છે. અમૂર્ત વિચારો અને અનુમાનોના સિદ્ધાંતો કહેવાનું નથી. કવિને જે વિચારો અને અનુમાનો ઇષ્ટ હોય તે અમૂર્ત સૂત્રરૂપમાં ગોઠવવાનો બદલે મૂર્તિઓ અને કૃતિઓનાં અંગ અને ગુણરૂપે તે પોતાની રચનામાં દાખલ કરે છે. કવિ સિદ્ધાંતો કહી બતાવતો નથી પણ પાત્રો અને વૃત્તાન્તોનાં એવા આનંદમય ચિત્રો આપે છે કે ચિત્રો ગ્રહણ કરનાર તે ચિત્રોમાં રહેલા સિદ્ધાંતો અનાયાસે અને વગર જાણ્યે ગ્રહણ કરી લે છે, કવિ જો સિદ્ધાંતોનું કથન કરવા બેસે તો આનંદમય રચનાનો ત્યાગ કરી તેને બીજા જ પ્રદેશમાં જવું પડે.

- રમણભાઇ નીલકંઠ

**અથવા**

વિજ્ઞાનના જમાનામાં ભ્રમનું ક્ષેત્ર ઓછું થતું ગયું છે. અને સત્ય તરફની રુચિ અધિકાધિક વધી રહી છે અને વધશે. એટલે ઉત્તરોત્તર કાવ્યકલા ઓછી થશે એમ મનાય છે, પણ હું આનાથી ઊલટું માનું છું હું માનું છું કે હવે પછી વિજ્ઞાનના જમાનામાં એવા મહાન સાહિત્યિક પાકશે કે દાન્તે ને શેક્સપિયર, વાલ્મીકિને કાલિદાસ ફિક્કા પડી જશે. આ હું એટલા વાસ્તે કહું છું કે સાહિત્ય માટે જે જોઇએ તે વિજ્ઞાન પૂરું પાડી રહ્યું છે. વિજ્ઞાનને કારણે જ્ઞાનનું ક્ષેત્ર પણ વધે છે અને અજ્ઞાનનું ક્ષેત્ર પણ. અજ્ઞાન ખૂબ છે પણ આજે માલૂમ નહીં કેટલું છે. વિજ્ઞાનને કારણે કેટલું વિશાળ અજ્ઞાન છે એ ધ્યાનમાં આવશે. આ અકલ્પનીય, અવર્ણનીય, નિર્વચનીય, શબ્દાતીત, કલ્પનાતીત છે. પ્રગટ બોલી શકાતું નથી. પરંતુ કેટલું લાંબુ, પહોળું, ઊંડું અને વ્યાપક અજ્ઞાન છે એનો અનુભવ આવશે. કાવ્યશક્તિ સારુ થોડું જ્ઞાનક્ષેત્ર અને થોડું અજ્ઞાનક્ષેત્ર, થોડું અંધારું

અને થોડો પ્રકાશ જોઇએ. એ બંને વિજ્ઞાનના જમાનામાં ખૂબ વધશે. તેથી સાહિત્યકલા અને કાવ્યકલા ખૂબ વધશે.

- વિનોબા ભાવે

પ્ર.૩ નીચેના ગદ્યખંડનું સારાંશ લેખન કરો. (૧૫)

મનુષ્ય માત્રની પ્રવૃત્તિનું પ્રેરકબળ આનંદ છે. આપણે ખાવું, પીવું, પહેરવું, ઓઢવું, હસવું, રમવું, ગાવું, બજાવવું જે કોઇ પ્રવૃત્તિ કરતાં હોઇએ છીએ તે આનંદને ખાતર જ કરતાં હોઇએ છીએ. અથવા એમ પણ કહેવું હોય તો કહી શકાય કે આનંદ થતો હોય ત્યાં સુધી જ આપણે એ પ્રવૃત્તિઓ રાજીખુશીથી કરતાં હોઇએ છીએ. આનંદ મળતો અટક્યો એટલે એ પ્રવૃત્તિમાંથી આપણો રસ ઊડી જાય છે.

મનુષ્યની પ્રવૃત્તિનું પ્રેરકબળ આમ આનંદ છે. એ વાત ખરી, પણ બધા આનંદો એક સરખા જ નથી હોતા. સારું ખાવાપીવાથી કે સારું પહેરવા-ઓઢવાથી પણ આપણને આનંદ થતો હોય છે, અને સારું કાવ્ય વાંચવાથી કે સારું ચિત્ર જોવાથી પણ આપણને આનંદ થતો હોય છે. પણ આ બન્ને આનંદો એકસરખા જ છે એમ કહી શકાય નહિ. ખાવા-પીવા કે પહેરવા-ઓઢવાની આનંદની સાથોસાથ અસંતોષ રહ્યા કરતો હોય છે. એ આનંદો વધારે ભોગવી શકાયા હોત તો સારું એવું રહ્યા કરતું હોય છે, ત્યારે સારુ કાવ્ય વાંચ્યા પછી કે ચિત્ર જોયા પછી એટલે કે કલાકૃતિનો રસાસ્વાદ લીધા પછી-એવો અસંતોષ રહેતો નથી સાચી કલાકૃતિનો રસાસ્વાદ લીધા પછી, 'વાહ ! બહુ મઝા પડી !' એવો ભાવ હૃદયને થાય છે અને મન જાણે છલોછલ ભરાઇ જાય છે. અને તેથી જ આપણે કહી શકીએ કે કાવ્ય દ્વારા કે કલા દ્વારા મળતો આનંદ ઊંચામાં ઊંચો, સાચામાં સાચો અને શુદ્ધમાં શુદ્ધ પ્રકારનો હોય છે.

- મનસુખલાલ ઝવેરી

**અથવા**

અહીં મને કૃષ્ણ યાદ આવે છે એમને પણ એમ જ થયું હશે. વિશ્વ તો આવું જ છે, સફળતા મળે કે ન મળે પણ કાર્ય તો કરવું જ. કૃષ્ણે ગીતામાં આ જ વ્યથિત ઉર ઠાલવ્યું. ગાંધીજીએ ગીતામાં આ જ અનાસક્તિ-યોગ જોયો. છકેલ યાદવોએ દારૂ પીને ઋષિઓનું અપમાન કર્યું, દ્વારકા ઉપર પ્રલય ઊતર્યો. કૃષ્ણ દ્વારકા મૂકીને ચાલ્યા ગયા. એક ઝાડ નીચે બેઠા પદ્માસન વાળીને-પારધી આવ્યો. ગુજરાતમાંથી જ-બહારથી નથી આવ્યો. એણે જોયું, દૂર કોક બેઠું છે. એની આંખે અંધાપો આવી ગયો. ભાગવત લખે છે કે એને લાગ્યું કે કોઇ પશુ બેઠું છે, તીર માર્યું. કૃષ્ણના જમણા પગને અંગૂઠે વાગ્યું. મનુષ્યમાં રહેલા પશુને દૂર કરવા જેણે પોતાનું જીવન ખર્ચી નાખ્યું, એ જ કૃષ્ણને પશુ માની ભારતવર્ષે મારી નાંખ્યા. પાંચ હજાર વર્ષ પછી એવો જ બીજો માણસ મળ્યો. એની પણ એ જ દશા કરી. ખૂબી એ છે કે ગાંધીજી જ્યારે નોઆખલીમાં ગયા, મુસલમાનોની વચ્ચે, ત્યારે કેટલાક લોકોને બીક લાગેલી કે મુસલમાનોમાંથી કોઇ ઝનૂની એમને મારી નાંખશે, પણ ત્યાં કોઇ એને મારતું નથી. ગાંધીજીના સાચા જીવલેણ શત્રુઓ તો આપણે જ હતા, એમના ધર્મ-ભાઇઓ !

- કરસનદાસ માણેક

પ્ર.૪ નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો. (૨૦)

**એક બપોરે**

મારા ખેતરને શેઢેથી
લ્યા ઊડી ગઇ સારસી !
મા,
ઢોચકીમાં છાશ પાછી રેડી દે.
રોટલાને બાંધી દે.
આ ચલમની તમાકુમાં કસ નથી,
ઠારી દે આ તાપણીમાં
ભારવેલો અગની
મને મહુડીની છાય તળે
પડી રહેવા દે.
ભલે આખું આભ રેલી જાય,
ગળા સમું ઘાસ ઊગી જાય,
અલે એઇ
બળદને હળે હવે જોતરીશ નંઇ
મારા ખેતરને શેઢેથી

- રાવજી પટેલ

**અથવા**

**એક પ્રશ્નગીત**

દરિયામાં હોય એને મોતી કહેવાય છે,
તો આંખોમાં હોય તેને શું ?
અમે પૂછ્યું : લે બોલ, હવે તું...
પંખીવછોઇ કોઇ એકલી જગ્યાને તમે માળો કહેશો કે બખોલ ?
જોવાતી હોય કોઇ આવ્યાની વાટ ત્યારે ભણકારા વાગે કે ઢોલ ?
બોલો સુજાણ, ઊગ્યું મારામાં ઝાડવું કે ઝાડવામાં ઊગી છું હું ?
અમે પૂછ્યું : લે બોલ, હવે તું...
ઊંચી ઘોડીને એનો ઊંચો અસવારઃ એના મારગ મોટા કે કોલ મોટા ?
દરિયા તરવાની હોડ માંડે તો દરિયાનું પાણી જીતે કે પરપોટા ?
સૂરજ ન હોય તેવી રીતે ઝિંકાય છે એ તડકાઓ હોય છે કે લૂ ?
અમે પૂછ્યું : લે બોલ, હવે તું...

- રમેશ પારેખ

☺☺☺☺☺